**<u>GUJARAT BILL NO. 36 OF 2018.</u>**

# THE GUJARAT PREVENTION OF BEGGING (AMENDMENT) BILL, 2018.

## *A BILL*

*further to amend the Gujarat Prevention of Begging Act, 1959.*

**<u>સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૬.</u>**

## ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા) વિધયેક, ૨૦૧૮.

*ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯ વધુ સુધારવા બાબત વિધયેક.*

આથી, ભારતના ગણરાજ્યના અગણ્યોસિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા) અધિનિયમ, ૨૦૧૮ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૬૦નો મુંબઈનો ૧૦મો.**

**સન ૧૯૬૦ના મુંબઇના ૧૦મા અધિનિયમની કલમ ૯નો સુધારો.**

૨. ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી, ‘‘મુખ્ય અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૯-માં, પેટા-કલમ (૨)માં, પરંતુકમાં, ‘‘ચેપ ફેલાવે તેવી રક્તપિત્તવાળી અથવા’’ એ શબ્દો કમી કરવા.

**સન ૧૯૬૦ના મુંબઇના ૧૦મા અધિનિયમની કલમ ૨૬નો સુધારો.**

3. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૬માં,-

(૧) પેટા-કલમ (૧)માં,-

(ક) બે જગ્યાએ આવતા ‘‘અથવા રક્તપિત્તિયો છે’’ એ શબ્દો કમી કરવા;

(ખ) ''અથવા રક્તપિત્તિયાના આશ્રમ'' એ શબ્દો કમી કરવા;

(ગ) ''મનોરોગ હોસ્પિટલ'' એ શબ્દોને બદલે, ''માનસિક આરોગ્ય સંસ્થા'' એ શબ્દો મૂકવા;

(૨) પેટા-કલમ (૨)માં, ''અથવા તે રક્તપિત્તમાંથી સાજો થયો છે'' એ શબ્દો કમી કરવા;

(૩) પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

''(૩) માનસિક આરોગ્ય સંભાળ અધિનિયમ, ૨૦૧૭ની જોગવાઈઓ, જે મુદત માટે ભિખારીને અટકમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મુદત પૂરી થયા પછી, આ કલમની પેટા-કલમ (૧) હેઠળ માનસિક આરોગ્ય સંસ્થામાં રાખેલા દરેક ભિખારીને લાગુ પડશે; અને તે ભિખારીને જે સમય દરમિયાન તે પેટા-કલમ હેઠળ માનસિક આરોગ્ય સંસ્થામાં રાખવામાં આવ્યો હોય તે સમયને, ન્યાયાલયે તેને જે મુદત માટે અટકમાં રાખવા માટે હુકમ કર્યો હોય તે મુદતના ભાગ તરીકે ગણવો: **સન ૨૦૧૭નો ૧૦મો.**

પરંતુ મગજની અસ્થિરતાને લીધે ભિખારીને ખસેડવાનું તાત્કાલિક જરૂરી હોય, ત્યારે ભિખારીને જેમાં અટકમાં રાખવામાં આવ્યો હોય તે પ્રમાણિત સંસ્થાના અધિકારીઓ, તે બાબતમાં રાજ્ય સરકારના હુકમો મેળવી શકાય તેટલા સમય પૂરતો તે ભિખારીને માનસિક આરોગ્ય સંસ્થામાં રાખવાના તાત્કાલિક હુકમ કરવા માટે, માનસિક આરોગ્ય સંભાળ અધિનિયમ, ૨૦૧૭ હેઠળ હકૂમત ધરાવતી ન્યાયાલયને અરજી કરી શકશે.''. **સન ૨૦૧૭નો ૧૦મો.**

(૪) હાંસિયાની નોંધમાં ''રક્તપિત્તના દરદીઓ અને'' એ શબ્દો કમી કરવા.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યને લાગુ પડતો રક્તપિત્ત રોગી અધિનિયમ, ૧૮૯૮ (સન ૧૮૯૮નો ૩જો), રક્તપિત્ત રોગી (ગુજરાત પૂરતો રદ કરવા બાબત) અધિનિયમ, ૧૯૯૦ (સન ૧૯૯૦ના ગુજરાતના ૪થા)થી રદ કરવામાં આવ્યો હતો. સદરહુ અધિનિયમની કલમ ૩થી, બીજી બાબતોની સાથોસાથ, એવી જોગવાઇ કરવામાં આવી છે કે રદ કરેલા અધિનિયમ હેઠળ ગુજરાત રાજ્યના કોઇપણ ભાગમાંના કોઇ રક્તપિત્તિયાના આશ્રમમાં અટકમાં રાખેલી કોઇપણ વ્યક્તિ, ભારત સરકારે બનાવેલા રક્તપિત્ત નિવારણ પરના કાર્યકારી જૂથના અધ્યક્ષ, ડો. એમ.એસ. સ્વામીનાથનની ભલામણનો સ્વીકાર કરતાં, મુક્ત થયેલી ગણાશે અને કોઇપણ સ્થાનિક વિસ્તારમાં અથવા સ્થાનિક વિસ્તારમાંથી કરવામાં આવતી તેની અવરજવર પર અથવા કોઇ વેપાર અથવા ધંધો ચાલુ રાખવા પર રક્તપિત્ત રોગી અધિનિયમ, ૧૮૯૮થી અથવા તે હેઠળ તેના પર મૂકેલા કોઇપણ નિયંત્રણ પણ રદ થયેલા ગણાશે.

રક્તપિત્તનો રોગ એ હવે અસાધ્ય અને ચેપી રોગ ન હોવાથી અને મલ્ટિ-ડ્રગ-થીઅરિ (MDT)ના અમલથી સંપૂર્ણપણે સાધ્ય હોવાથી, તેનો પ્રથમ ડોઝ (માત્રા) રોગને બિન-ચેપી બનાવે છે. મલ્ટિ-ડ્રગ-થીઅરિ (MDT), પ્રથમ ડોઝ લીધા પછી જંતુઓને મારી નાંખે છે અને રક્તપિત્તના ફેલાવાને અટકાવી દે છે અને મલ્ટિ-ડ્રગ-થીઅરિ (MDT)પર રાખેલો દર્દી, રક્તપિત્ત ફેલાવતો નથી. જેમને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હોય તેવી વ્યક્તિઓને અલગ રાખવા માટેનું કોઇ તબીબી કારણ નથી. વળી, રક્તપિત્તના રોગવિજ્ઞાન, બિન-ચેપીપણા અને સાધ્યતા અંગેના તબીબી પુરાવાને ધ્યાનમાં લેતાં, રક્તપિત્તના દર્દીઓને, ખાસ ચિકિત્સાલયો અથવા હોસ્પિટલોમાં સારવાર આપવી જરૂરી નથી અને અન્ય રોગથી પીડાતી વ્યક્તિઓની સાથે આરોગ્ય સંભાળ કેન્દ્રોમાં તેમની સારવાર કરી શકાય છે અથવા રક્તપિત્તથી અસરગ્રસ્ત થયેલી વ્યક્તિઓને તેમના પરિવાર અથવા સમુદાયથી જુદા અથવા અલગ પાડી શકાય નહિ.

ભારતના કાયદા પંચે, રક્તપિત્તથી અસરગ્રસ્ત થયેલી વ્યક્તિઓ સામેના ભેદભાવ દૂર કરવા અંગેના પોતાના ૨૫૬-મા અહેવાલ (સન ૨૦૧૫)માં પણ મલ્ટિ-ડ્રગ-થીઅરિ (MDT)ની અસરકારકતાને માન્ય કરી છે અને એવી ભલામણ કરી છે કે કેન્દ્રીય, રાજ્યોના અથવા સ્થાનિક મંડળોના કાયદાઓની જોગવાઇઓ રદ કરવાથી અથવા તેમાં સુધારો કરવાથી, રક્તપિત્તથી અસરગ્રસ્ત થયેલી વ્યક્તિઓ સાથે ભેદભાવ થાય છે.

ઉપર્યુક્ત સંજોગોમાં, રક્તપિત્તિયા અને રક્તપિત્તિયાના આશ્રમને લગતી હોય તેટલે સુધી, ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯ (સન ૧૯૬૦ના મુંબઇના ૧૦મા)ની કલમો ૯ અને ૨૬ની વિદ્યમાન જોગવાઇઓ અપ્રચલિત બની છે અને તે, રક્તપિત્તથી અસરગ્રસ્ત થયેલી વ્યક્તિઓ સામે અનુચિત ભેદભાવ ઊભો કરતી હોવાથી તેમજ તે કોઈ રીતે ઉપયોગી થતી ન હોવાથી અને અપ્રચલિત બની હોવાથી, તેને, કાયદામાં રાખવાની હવે કોઇ જરૂરિયાત નથી. અન્યાયી (વિવાદિત) જોગવાઈઓ, રક્તપિત્તથી અસરગ્રસ્ત થયેલી વ્યક્તિઓના અપમાન અને અભદ્ર વર્તણૂકને કાયદેસર બનાવીને કાયમી બનાવે છે અને તેનાથી, ભારતના સંવિધાનના અનુચ્છેદો ૧૪, ૧૯ હેઠળ બાંયધરી આપેલા સમાન વ્યવહાર અંગેના તેમના મૂળભૂત હકનું અને અનુચ્છેદ ૨૧ હેઠળના જીવન અને ગૌરવના હકનું ઉલ્લંઘન થાય છે. જે હેતુ માટે તે (જોગવાઇઓ) અધિનિયમિત કરવામાં આવી હતી તે હેતુને તે હવે સિદ્ધ કરતી નથી, તેથી, તેમાં સુધારો કરવો જરૂરી છે.

આ વિધેયકથી ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સન ૧૯૬૦ના સદરહુ અધિનિયમની કલમો ૯ અને ૨૬ સુધારવા ધાર્યું છે.

**ઇશ્વર પરમાર,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છેઃ-

***કલમ ૧.-*** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખઃ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૮ **ઇશ્વર પરમાર.**

# પુરવણી

## ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯
## (સન ૧૯૬૦ના મુંબઇના ૧૦મા)માંથી ઉતારા.

૯. (૧) XXX XXX XXX

સન ૧૯૪૮નો મુંબઇનો ૭૧મો.

ભિખારી પર સંપૂર્ણપણે આધાર રાખતી વ્યક્તિઓને ન્યાયાલય અટકમાં રાખવાનો હુકમ કરી શકશે.

(૨) આશ્રિત વ્યક્તિ બાળક હોય, ત્યારે ન્યાયાલયે તેને બાળ ગુના કોર્ટ સમક્ષ મોકલવું જોઇશે અને બાળગુના ન્યાયાલયે તે બાળક મુંબઇ બાળક અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪૦ના ખંડ (ક)માં વર્ણવ્યા પ્રમાણેની વ્યક્તિ હોય તેમ તે કલમ હેઠળ તે બાળકના સંબંધમાં તજવીજ કરવી જોઇશે:

પરંતુ આશ્રિત વ્યક્તિ ભિખારીનું પોતાનું બાળક હોય, જે પાંચ વર્ષથી ઓછી ઉંમરનું હોય અને તે ભિખારી, ચેપ ફેલાવે તેવી રક્તપિતવાળી અથવા પાગલ ન હોય તેવી સશક્ત શરીર ધરાવતી માતા હોય, ત્યારે અટકમાં રાખવાના સ્થળ બાબતમાં તે બાળક પાંચ વર્ષની ઉંમરનું થાય ત્યાંસુધી તેને માતાથી વિખૂટા પાડ્યા વગર કોઇ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવાનો હુકમ કરી શકાશે અને ત્યારપછી આ પેટા-કલમમાં જોગવાઇ કર્યા પ્રમાણે તજવીજ કરી શકાશે.

(3) XXX XXX XXX

રક્તપિતના દર્દીઓ અને પાગલ માણસોની તબીબી તપાસ અને તેમને અટકમાં રાખવા બાબત.

**૨૬.** (૧) રાજ્ય સરકારને એમ લાગે કે ન્યાયાલયના કોઇ હુકમ મુજબ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખેલો કોઇ ભિખારી અસ્થિર મગજનો અથવા રક્તપિત્તીયો છે, ત્યારે રાજ્ય સરકાર, ભિખારી અસ્થિર મગજનો છે અથવા રક્તપિત્તીયો છે. એમ માનવાનાં કારણો જણાવતાં હુકમ દ્વારા તેને મનોરોગ હોસ્પિટલ અથવા રક્તપિત્તીયાના આશ્રમ અથવા સુરક્ષીત જગામાં ખસેડવાનું અને તેને જે મુદત માટે અટકમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મુદતના બાકીના ભાગ દરમિયાન અથવા તે મુદત પૂરી થયા પછી કોઇ તબીબી અધિકારીએ એવું પ્રમાણપત્ર આપ્યું હોય કે ભિખારીની અથવા બીજાઓને સલામતી માટે તેને વધુ સમય તબીબી સંભાળ અથવા સારવાર હેઠળ

રાખવો જરૂરી છે. તો તેને કાયદા અનુસાર છૂટો કરવામાં ન આવે ત્યાં સુધી, રાજ્ય સરકાર જણાવે તે પ્રમાણે ત્યાં રાખવાનું અને તેની સારવાર કરવાનું ફરમાવી શકશે.

(૨) રાજ્ય સરકારને એમ લાગે કે ભિખારી અસ્થિર મગજનો હોતો બંધ થયો છે અથવા તે રક્તપિત્તમાંથી સાજો થયો છે, તે પ્રસંગે રાજ્ય સરકારે, ભિખારીને કસ્ટડીમાં રાખવાની હજુ જરૂર હોય, તો તેનો હવાલો ધરાવતી વ્યક્તિ ઉપર હુકમ કાઢીને ફરમાવવું કે જ્યાંથી તેને ખસેડવામાં આવ્યો હોય તે પ્રમાણિત સંસ્થામાં તેને મોકલવો અથવા ભિખારીને વધુ સમય કસ્ટડીમાં રાખવાની જરૂર ન હોય, તો તેને છૂટો કરવાનો હુકમ કરવો.

સન ૧૯૧૨નો ૪થો. સન ૧૮૯૮નો ૩જો.

(૩) ભારતના પાગલપણા બાબતના અધિનિયમ, ૧૯૧૨ની કલમ ૩૧ના અથવા રક્તપિત્તિયા બાબતના અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૧૪[ની પેટા-કલમ (૨)ની જોગવાઇઓને અધીન રહીને]ની જોગવાઇઓ, જે મુદત માટે ભિખારીને અટકમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો તે મુદત પૂરી થયા પછી, પેટા-કલમ (૧) હેઠળ મનોરોગ હોસ્પિટલ અથવા રક્તપિત્તિયાના આશ્રમમાં રાખેલા દરેક ભિખારીને લાગુ પડશે; અને તે ભિખારીને જે સમય તે પેટા-કલમ મુજબ મનોરોગ હોસ્પિટલમાં અથવા રક્તપિત્તિયાના આશ્રમમાં રાખવામાં આવ્યો હોય તે સમયને, ન્યાયાલયે તેને જે મુદત માટે અટકમાં રાખવા માટે હુકમ કર્યો હોય તે મુદતના ભાગ તરીકે ગણવો:

પરંતુ મગજની અસ્થિરતાને અથવા રક્તપિતને લીધે ભિખારીને ખસેડવાનું તાત્કાલિક જરૂર હોય, ત્યારે ભિખારીને જ્યાં અટકમાં રાખવામાં આવ્યો હોય તે સંસ્થાના અધિકારીઓ, તે બાબતમાં રાજ્ય સરકારના હુકમો મેળવી શકાય, તેટલા સમય પૂરતો તે ભિખારીને, મનોરોગ હોસ્પિટલમાં અથવા રક્તપિત્તિયાના આશ્રમમાં રાખવાના તાત્કાલિક હુકમ માટે, યથાપ્રસંગ, ભારતના પાગલપણા બાબતના અધિનિયમ, ૧૯૧૨ અથવા રક્તપિત્તિયા બાબતના અધિનિયમ, ૧૮૯૮ મુજબ હકૂમત ધરાવતી ન્યાયાલયને અરજી કરી શકાશે.

સન ૧૯૧૨નો ૪થો. સન ૧૮૯૮નો ૩જો.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૬]**

ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯ વધુ સુધારવા બાબત વિધયેક.

**[શ્રી ઇશ્વર પરમાર,**
**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી.]**

**(સન ૨૦૧૮ના સપ્ટેમ્બર મહિનાની ૧૦મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

ડી.એમ.પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT PREVENTION OF BEGGING (AMENDMENT) BILL, 2018.**

**GUJARAT BILL NO. 36 OF 2018.**

*A BILL*

*further to amend the Gujarat Prevention of Begging Act, 1959.*

It is hereby enacted in the Sixty-ninth Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Prevention of Begging (Amendment) Act, 2018. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 9 of Bom. X of 1960.**

**2.** In the Gujarat Prevention of Begging Act, 1959 (hereinafter referred to as "the principal Act"), in section 9, in sub-section (2), in the proviso, the words "a contagious leper or" shall be deleted. **Bom. X of 1960.**

**Amendment of section 26 of Bom. X of 1960.**

**3.** In the principal Act, in section 26,-

(1) in sub-section (1),-

(a) the words "or a leper" occurring at two places shall be deleted;

(b) the words "or leper asylum" shall be deleted;

(c) for the words "mental hospital", the words "mental health establishment" shall be substituted;

(2) in sub-section (2), the words" or is cured of leprosy" shall be deleted;

(3) for sub-section (3),the following sub-section shall be substituted, namely:-

"(3) The provisions of the Mental Healthcare Act, 2017 shall apply to every beggar confined in a mental health establishment under sub-section (1) of this section after the expiration of the period for which he was ordered to be detained; and the time during which a beggar is confined in a mental health establishment under that sub-section shall be reckoned as a part of the period for which he may have been ordered by the Court to be detained: **10 of 2017.**

Provided that where the removal of a beggar due to unsoundness of mind is immediately necessary, it shall be open to the authorities of the Certified Institution in which the beggar is detained to apply to the court having jurisdiction under the Mental Healthcare Act, 2017 for an immediate order of committal to a mental health establishment until such time as the orders of the State Government can be obtained in the matter.". **10 of 2017.**

(4) in the marginal note, the words "leprosy patients and" shall be deleted.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Lepers Act, 1889 (III of 1898) in its application to the State of Gujarat was repealed by the Lepers (Gujarat Repeal) Act, 1990 (Guj. 4 of 1990). Section 3 of the said Act *inter alia* provides that any person detained in any leper asylum in any part of the State of Gujarat under the repealed Act shall stand discharged, and any restriction imposed on him by or under the Lepers Act, 1898, on his movement to or from any local area or from following any trade or calling shall also stand annulled, accepting the recommendation of the Dr. M.S. Swaminathan, the Chairman of the working group on eradication leprosy set up by the Government of India.

Since the disease of leprosy is no more incurable and infectious disease and fully curable with the administration of Multi-Drug-Theory (MDT), ~~thus~~ the first dose of which renders the disease non-infectious. The MDT kills germs and stops the spread of leprosy after the dose and patient on MDT do not spread leprosy. There is no medical reason to segregate persons who have been administered the first dose. Moreover, leprosy patients do not need to be treated in special clinics or hospitals and can be treated in health care centers together with the people suffering other disease nor the persons affected by leprosy be isolated or segregated from their family or community in view of medical evidence on the etyology, non- infectiousness and curability of the leprosy.

The Law commission of India in its 256th report on Eliminating Discrimination against Persons Affected by Leprosy (2015) also recognized the effectiveness of MDT and recommended that repeal or amendment of the provisions of laws of the Central, States or local bodies discriminate the person affected by leprosy.

In the aforesaid background, the existing provisions of sections 9 and 26 of the Gujarat Prevention of Begging Act, 1959 (Bom. X of 1960) in so far as they relate to the leper and leper asylum are obsolete and no more required to be on statute as they unfairly discriminate against persons affected by leprosy as also they serve no utility and have been obsolete. The impugned provisions

institutionalize and perpetuate the humiliation and undignified treatment of persons affected by leprosy and thereby violate their fundamental right of equal treatment guaranteed under articles 14, 19 and a right to a life and dignity under article 21 of the Constitution of India. They no longer serve the purpose for which they were enacted, hence, are required to be amended.

This Bill seeks to amend sections 9 and 26 of said Act of 1960 to achieve the aforesaid object.

**ISHWAR PARMAR,**

**MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION**

The Bill provides for delegation of legislative power in the following respect:--

***Clause 1.***— Sub-clause (2) of this clause empowers the State Government to appoint by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 10th September, 2018. **ISHWAR PARMAR.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT PREVENTION OF BEGGING ACT, 1959.

**(Bom. X of 1960)**

**9.** (1) XXX XXX XXX

**Court may order detention of persons wholly dependent of beggar.**

(2) Where the dependent person is a child the Court shall forward him to a Juvenile Court which shall deal with him under section 40 of the Bombay Children Act, 1948, as if the child were a person described in clause (a) of that section:

**Bom LXX of 1948.**

Provided that where the dependent person in the beggar's child, being a child who is under the age of five years, and the beggar is an able bodied mother, not being a contagious leper or a lunatic, the child may be ordered to be detained in a Certified Institution without being separated from the mother as regards the place of detention, until it attains the age of five years-and thereafter dealt with as provided in this sub-section.

(3) XXX XXX XXX

**Medical examination and detention of leprosy patients and lunatics.**

**26.** (1) Where it appears to the State Government that any beggar detained in a Certified Institution under any order of a court is of unsound mind or a leper, the State Government may by an order setting forth the grounds of belief that the beggar is of unsound mind or a leper, order his removal to a mental hospital or leper asylum or other place of safe custody there to be kept and treated as the State Government directs daring the remainder of the term for which he has been ordered to be detained or, if on the expiration of that term it is certified by a medical officer that it is necessary for the safety of the beggar or of others that he should be further detained under medical care or treatment, then until he is discharged according to law.

(2) Where it appears to the State Government that the beggar has ceased to be of unsound mind or is cured of leprosy, the State Government shall, by an order directed to the person having charge of the beggar if still liable to be kept in custody send him to the Certified Institution from which he was removed or if the beggar is no longer liable to b; kept in custody order him to be discharged.

**IV of 1912.**
**III of 1898.**

(3) The provisions of section 31 of the Indian Lunacy Act, 1912 or subject to the provisions of sub-section (2) of section 14 of the Lepers Act, 1898, shall apply to every beggar confined in a mental hospital or leper asylum under sub-section (8) after the expiration of the period for which he was ordered to be detained; and the time during which a beggar is confined in a mental hospital or leper asylum under that sub-section shall be reckoned as part of the period for which he may have been ordered by the Court to be detained:

**IV of 1912.**
**III of 1848.**

Provided that where the removal of a beggar due to unsoundness of mind or leprosy is immediately necessary, it shall be open to the authorities of the Institution in which the beggar is detained to apply to a court having jurisdiction under the Indian Lunacy Act, 1912, or the Lepers Act, 1898, as the case may be, for an immediate order of committal to a mental hospital or a leper asylum until such time as the State Government can be obtained in the matter.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 36 OF 2018.**

***A BILL***

*further to amend the Gujarat Prevention of Begging Act, 1959.*

**[SHRI ISHWAR PARMAR,**
**MINISTER FOR SOCIAL JUSTICE AND EMPOWERMENT]**

**( As published in the Gujarat Government Gazette of 10th September, 2018)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**